**અગ્રતા ક્રમ–** **૧૮**

મહિલા અને બાળ વિકાસ વિભાગ
તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૨૮૩

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની**
**તારીખ: ૧૯/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર**

**પ્રશ્ન : નર્મદા જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેનો મત વિસ્તાર :–

**શ્રી ડૉ. દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ)**

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નનો વિષય | પાના નંબર |
| --- | --- | --- |
| ૧ | **પ્રશ્ન** | 3 |
| ૨ | **પ્રશ્નનો જવાબ** | 3 |
| **૩.૧** | **પૂરક પ્રશ્ન–૧ શ્રી ડૉ. દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ)**<br>નર્મદા જિલ્લામાં તાલુકાવાર મંજુર, નામંજુર અને પડતર અરજીની વિગત | 4 |
| **૩.૨** | **પૂરક પ્રશ્ન–૨ શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટાઉદેપુર)**<br>ગંગા સ્વરૂપા બહેનોના સામાજીક પુનઃ સ્થાપન માટેની અમલી યોજના તેમજ આ યોજના હેઠળ આપવામાં આવતા લાભો. | 5 |
| **૩.૩** | **પૂરક પ્રશ્ન–૩ શ્રી અક્ષયભાઇ પટેલ (કરજણ)**<br>છેલ્લા પાંચ વર્ષમાં ગંગાસ્વરૂપ યોજના હેઠળ સમગ્ર રાજયમાં કેટલુ બજેટ ફાળવવામાં આવ્યુ ? અને વર્ષવાર કેટલા લાભાર્થીને યોજનાનો લાભ આપવામાં આવ્યો ? | 6 |
| | | |
| ૪.૧ | **પૂરક માહિતી**<br>ગંગા સ્વરૂપા આર્થિક યોજનામાં સહાય ચૂકવવાની પદ્ધતિ | 7 |
| ૪.૨ | **પૂરક માહિતી**<br>નર્મદા જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન થયેલ ખર્ચ અને લાભાર્થીની વિગતો | 8 |
| ૪.૩ | **પૂરક માહિતી**<br>જિલ્લા વાઈઝ લાભાર્થી અને સહાય ચુકવણીની વિગત | 9 |
| ૪.૪ | **પૂરક માહિતી**<br>નર્મદા જિલ્લામાં તાલુકાવાર મંજૂર, નામંજૂર અને પડતર અરજીની વિગત | 11 |
| ૪.૫ | **પૂરક માહિતી**<br>ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનામાં થયેલ સુધારા | 12 |

# 18

**નર્મદા જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

**★15/4/1283 ડૉ. દર્શના ચંદુભાઈ દેશમુખ** (નાંદોદ) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે નર્મદા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે નર્મદા જિલ્લામાં ૧૦૯૫ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર થઈ, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૧૦૯૫ અરજીઓ મંજુર થઈ |
| (૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓ પેટે કેટલી રકમની સહાય મંજૂર કરી ? | (૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ.૧૨૫૦/– ની સહાય મંજૂર કરી |

------------

**અગ્રતા ક્રમ - ૧૮ પૂરક પ્રશ્ન-૧**

**પુછનાર ધારાસભ્યશ્રી : ડૉ. દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ)**

**પૂરક પ્રશ્ન – ૧** **નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૨૩ દરમિયાન ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત તાલુકા વાર કેટલી અરજી મળી, તે પૈકી કેટલી અરજી મંજૂર/નામંજૂર કરવામાં આવેલ ?**

**જવાબ :**

**માન.અધ્યક્ષશ્રી,**

નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૨૩ દરમિયાન તાલુકા વાર કુલ ૧૦૯૫ અરજી મળી, તે પૈકી તમામ ૧૦૯૫ અરજી મંજૂરી કરવામાં આવી અને એક પણ અરજી નામંજૂર કરવામાં આવી નથી

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ દરમિયાન મળેલ કુલ અરજીઓ | તે પૈકી મંજૂર અરજી | નામંજૂર અરજી | પડતર અરજી |
|---|---|---|---|---|---|
| ૧ | નાંદોદ | ૩૭૬ | ૩૭૬ | ૦ | ૦ |
| ૨ | તિલકવાડા | ૧૬૦ | ૧૬૦ | ૦ | ૦ |
| ૩ | ગરૂડેશ્વર | ૧૪૦ | ૧૪૦ | ૦ | ૦ |
| ૪ | ડેડિયાપાડા | ૩૨૭ | ૩૨૭ | ૦ | ૦ |
| ૫ | સાગબારા | ૯૨ | ૯૨ | ૦ | ૦ |
| કુલ | | ૧૦૯૫ | ૧૦૯૫ | ૦ | ૦ |

| |
|---|
| **અગ્રતા ક્રમ – ૧૮ પૂરક પ્રશ્ન-૨**<br>**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટાઉદેપુર)** |
| **પૂરક પ્રશ્ન –૨ ગંગા સ્વરૂપા બહેનોના સામાજીક પુનઃસ્થાપન માટે કઈ યોજના અમલમાં છે ? અરજી કરવાની સમય મર્યાદા શું છે અને શું લાભ આપવામાં આવે છે ?** |

જવાબ :–

**માન.અધ્યક્ષશ્રી, હા,**

- સમાજમાં ગંગા સ્વરૂપા મહિલાઓને પુન: લગ્નનો સ્વીકાર થાય તેવા સુધારાત્મક અભિગમને સાકાર કરવા પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્ધારા ગંગા સ્વરૂપા પુનલગ્ન આર્થીક સહાય યોજના તા: ૦૧/૦૪/૨૦૨૧થી અમલમાં મુકેલ છે.
- પ્રસ્તુત યોજનામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવતી મહિલા પુનઃલગ્ન કરે તો તેણે લગ્ન કર્યાનાં છ માસની સમય મર્યાદામાં અરજી કરવાની રહે છે. અરજી પત્રક ગ્રામ પંચાયત, મામલતદાર કચેરી અને મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓન લાઇન કરવામાં આવે છે.
- પ્રસ્તુત યોજનામાં સહાય પેટે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવતી મહિલાઓ પુનઃલગ્ન કરે તો તેને રૂ. ૨૫,૦૦૦ અને નાની બચતના બોન્ડ રૂ.૨૫,૦૦૦ સીધા બેંક ખાતામાં એમ કુલ રૂ.૫૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે.
- ગંગા સ્વરૂપા મહિલાઓને પુનર્લગ્ન કરવા માટે પ્રોત્સાહન પ્રાપ્ત થાય તેમજ તેના થકી તેમનો સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને માનસિક દરજ્જો ઉપર લાવવાનો ઉદ્ધેશ્ય છે. તેમજ ગંગા સ્વરૂપા બહેનોના પુનર્લગ્ન પરત્વે સામાજિક માનસિકતામાં પરિવર્તન આવે અને ગંગા સ્વરૂપા પુનલ:ગ્નનો સમાજ દ્ધારા સાહજિકપણે સ્વીકાર થાય તે વાસ્તવિક અર્થમાં ચરિતાર્થ કરવાના ધ્યેય સાથે રાજય સરકાર દ્ધારા આ યોજના શરૂ કરવામાં આવેલ
- ડિસેમ્બર–૨૦૨૩ સુધીમાં કુલ ૪૭૪ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.

**અગ્રતા ક્રમ – ૧૮ પૂરક પ્રશ્ન- ૩**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી અક્ષયભાઇ પટેલ (કરજણ)**

**છેલ્લા પાંચ વર્ષમાં ગંગાસ્વરૂપા યોજના હેઠળ સમગ્ર રાજયમાં કેટલુ બજેટ ફાળવવામાં આવ્યુ ? અને વર્ષવાર કેટલા લાભાર્થીને યોજનાનો લાભ આપવામાં આવ્યો ?**

**જવાબ :**

**માન.અદ્યક્ષશ્રી,**

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ છેલ્લા ૫ વર્ષમાં આ યોજના હેઠળના બજેટમાં માતબર વધારો નોંધાયેલ છે.

| ક્રમ | વર્ષ | બજેટ જોગવાઈ (રૂ.કરોડમાં) | ખર્ચ (રૂ.કરોડમાં) | વર્ષને અંતે લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯–૨૦ | ૫૧૨.૬૪ | ૫૨૨.૪૭ | ૩.૭૦ લાખ |
| ૨ | ૨૦૨૦–૨૧ | ૫૦૨.૭૫ | ૧૩૧૩.૩૭ | ૮.૧૬ લાખ |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૬૮૦.૪૪ | ૧૭૬૮.૮૬ | ૧૧.૬૧ લાખ |
| ૪ | ૨૦૨૨–૨૩ | ૯૧૭.૦૨ | ૨૧૫૬.૨૯ | ૧૩.૬૨ લાખ |
| ૫ | ૨૦૨૩–૨૪ | ૧૯૮૧.૭૬ | ૨૦૯૫.૫૫ | ૧૪.૯૭ લાખ |

**માન.અદ્યક્ષશ્રી,**

- આ યોજનામાં સરકારશ્રી દ્વારા છેલ્લા ૫ વર્ષમાં બજેટમાં ગંગા સ્વરૂપા બહેનોના આર્થિક વિકાસ માટે બજેટમાં ૪૬૦.૮૯% નો વધારો કરી વર્ષ ૨૦૨૪–૨૫ માટે રૂ.૨૩૬૨.૭૩ કરોડની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

પાત્રતા ધરાવતી ગંગા સ્વરૂપા બહેનોને આ યોજનાનો લાભ મળી રહે તે માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ ઝુંબેશ સ્વરૂપે કામગીરી હાથ ધરવામાં આવેલ જેમાં છેલ્લા ૫ વર્ષમાં ૪૦૪.૫૯% લાભાર્થીઓનો વધારો થયેલ છે. હાલ સરકારશ્રી દ્વારા રાજ્યની કુલ ૧૪.૯૭ લાખ લાભાર્થીઓને માસિક રૂ.૧૨૫૦ ની સહાય ચુકવવામાં આવે છે.

| અગ્રતા ક્રમ – ૧૮ પૂરક માહિતી |
| --- |
| **ગંગા સ્વરૂપા આર્થીક સહાય યોજનામાં સહાય કઈ રીતે ચુકવવામાં આવે છે?** |

**માન. અધ્યક્ષશ્રી,**

નિરાધાર વિધવા બહેનો સમાજમાં સન્માનભેર જીવન જીવી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા વિધવા બહેનોને આર્થીક મદદરૂપ થવાના ઉદ્દેશથી ગંગા સ્વરૂપા યોજના અમલમાં મુકેલ છે.

લાભાર્થીને સહાય મંજુર થયેથી લાભાર્થીઓનાં પોસ્ટ/ બેન્ક ખાતામાં DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) નાં માધ્યમથી જમા કરવામાં આવે છે.અને

જેમાં:–

- ડી.બી.ટી. ની શરૂ થયા પહેલા પોસ્ટ ઓફિસ મારફતે જે તે લાભાર્થીના ખાતામાં સહાય જમા થતી હતી જે માટે પોસ્ટ વિભાગને સદર કામગીરી માટે ૫% રકમ કમિશન પેટે ચુકવવી પડતી હતી.DBT ની શરૂઆત થતા કમિશન પેટેની અંદાજિત રકમ રૂ. ૧૧૦ કરોડ ની દર વર્ષે બચત થયેલ છે.
- સદર ચુકવણું PFMS (પબ્લીક ફાયનાન્સીયલ મેનેજમેન્ટ સિસ્ટમ) અને NSAP (નેશનલ સોશ્યલ આસીસ્ટન્ટ પ્રોગ્રામ) પોર્ટલના માધ્યમથી રાજ્ય કક્ષાએથી સીધા લાભાર્થીના બેંક/પોસ્ટ એકાઉન્ટમાં સહાયની રકમ જમાં કરવામાં આવે છે.સાચા લાભાર્થીને જ સહાય ચુકવાય તે માટે લાભાર્થીના બેંક એકાઉન્ટની વિગત PFMS મારફત વેરિફિકેશન કરવામાં આવે છે.
- લાભાર્થીની સહાય સીધી જ ખાતામાં જમા થવાથી ચુકવણીમાં વિલંબના પ્રશ્નો દુર થયા .
- લાભાર્થી બહેનોને સમયસર સહાય ન મળવાથી આર્થિક હાલાકી ભોગવવી પડતી હતી, ખાસ કરીને અંતરીયાળ વિસ્તારની બહેનોની સમસ્યા દુર થઈ અને વચેટીયાઓ અંગેની ફરીયાદો દુર થઈ .
- ડી.બી.ટી શરૂ થયા બાદ સહાયની ચુકવણી ઝડપી અને પારદર્શક બની.
- માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ડીઝીટલાઈઝેશનના સપનાને વેગ મળ્યો.

રાજ્ય કક્ષાએથી યોજનાનું મોનિટરીંગ અસરકારક રીતે કરવું સરળ બન્યું.

## અગ્રતા ક્રમ – ૧૮ પૂરક માહિતી

**નર્મદા જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન થયેલ ખર્ચ અને લાભાર્થીની વિગતો.**

**માન. અધ્યક્ષશ્રી,**

નર્મદા જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનામાં વર્ષ ૨૦૨૩ દરમિયાન લાભાર્થીને કુલ ૧૬.૯૧ કરોડની સહાય ચુકવવામાં આવી.

| ક્રમ | મહિનાનું નામ | લાભાર્થીની સંખ્યા | ખર્ચ રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી | ૧૦૩૪૫ | ૧૩૪૦૦૦૦૦ |
| ૨ | ફેબ્રુઆરી | ૧૦૬૧૧ | ૧૪૨૫૦૦૦૦ |
| ૩ | માર્ચ | ૧૦૬૮૯ | ૧૩૭૧૬૨૫૦ |
| ૪ | એપ્રિલ | ૧૦૭૯૦ | ૧૩૭૪૦૦૦૦ |
| ૫ | મે | ૧૦૮૮૭ | ૧૩૯૭૦૦૦૦ |
| ૬ | જુન | ૧૦૮૯૯ | ૧૩૯૪૩૭૫૦ |
| ૭ | જુલાઇ | ૧૦૮૯૦ | ૧૩૬૬૩૭૫૦ |
| ૮ | ઑગસ્ટ | ૧૦૯૯૪ | ૧૪૧૭૮૭૫૦ |
| ૯ | સપ્ટેમ્બર | ૧૦૯૮૧ | ૧૩૯૬૭૫૦૦ |
| ૧૦ | ઑક્ટોબર | ૧૧૨૦૪ | ૧૫૬૨૧૨૫૦ |
| ૧૧ | નવેમ્બર | ૧૧૨૨૫ | ૧૪૧૬૧૨૫૦ |
| ૧૨ | ડિસેમ્બર | ૧૧૨૮૫ | ૧૪૫૨૬૨૫૦ |
| | | **કુલ** | ૧૬૯૧૩૮૭૫૦ |

## અગ્રતા ક્રમ – ૧૮ પૂરક માહિતી

### જિલ્લા વાઈઝ લાભાર્થી અને સહાય ચુકવણીની વિગત

**ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાની તા.૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ સુધીની માહીતી દર્શાવતું પત્રક.**

| ક્રમ | જીલ્લાનું નામ | કુલ લાભાર્થી | કુલ સહાય ચુકવણી (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૩૦૭૧૨ | ૨૦૧.૪૬ |
| ૨ | અમરેલી | ૨૩૨૯૬ | ૩૫.૨૬ |
| ૩ | આણંદ | ૭૯૧૧૫ | ૧૨૧.૯૧ |
| ૪ | અરવલ્લી | ૩૩૮૫૧ | ૫૦.૫૪ |
| ૫ | બનાસકાંઠા | ૬૪૩૮૨ | ૯૫.૦૭ |
| ૬ | ભરુચ | ૫૬૦૨૮ | ૮૫.૬૫ |
| ૭ | ભાવનગર | ૬૧૨૪૩ | ૮૯.૭૫ |
| ૮ | બોટાદ | ૧૬૯૪૫ | ૨૪.૭૦ |
| ૯ | છોટાઉદેપુર | ૨૬૭૮૯ | ૩૯.૨૨ |
| ૧૦ | દાહોદ | ૨૭૮૦૧ | ૪૧.૫૭ |
| ૧૧ | ડાંગ | ૪૮૪૯ | ૬.૯૯ |
| ૧૨ | દેવભુમી દ્વારકા | ૧૪૬૭૧ | ૨૧.૫૩ |
| ૧૩ | ગાંધીનગર | ૪૩૮૨૬ | ૬૬.૦૭ |
| ૧૪ | ગીરસોમનાથ | ૩૫૫૫૯ | ૫૨.૭૦ |
| ૧૫ | જામનગર | ૨૮૧૯૭ | ૪૨.૦૭ |
| ૧૬ | જુનાગઢ | ૩૫૦૦૫ | ૫૧.૮૫ |
| ૧૭ | કચ્છ | ૫૦૦૭૪ | ૭૪.૯૨ |
| ૧૮ | ખેડા | ૭૭૭૦૮ | ૧૧૮.૫૯ |
| ૧૯ | મહેસાણા | ૭૧૩૪૮ | ૧૦૭.૨૬ |
| ૨૦ | મહિસાગર | ૨૮૧૩૬ | ૪૨.૯૧ |
| ૨૧ | મોરબી | ૧૨૯૯૧ | ૧૯.૪૨ |
| ૨૨ | નર્મદા | ૧૧૩૯૭ | ૧૬.૯૧ |
| ૨૩ | નવસારી | ૫૧૩૪૯ | ૭૩.૧૯ |
| ૨૪ | પંચમહાલ | ૫૫૧૯૧ | ૮૪.૮૪ |
| ૨૫ | પાટણ | ૪૩૨૫૯ | ૬૪.૫૫ |

| | | | |
|---|---|---|---|
| ૨૬ | પોરબંદર | ૨૧૬૦૮ | ૩૨.૩૫ |
| ૨૭ | રાજકોટ | ૬૩૧૦૦ | ૯૨.૪૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૩૨૭૯૮ | ૫૦.૬૦ |
| ૨૯ | સુરત | ૯૫૬૩૩ | ૧૪૧.૧૪ |
| ૩૦ | સુરેંદ્રનગર | ૩૪૦૧૮ | ૫૧.૨૯ |
| ૩૧ | તાપી | ૨૬૧૨૨ | ૩૮.૦૮ |
| ૩૨ | વડોદરા | ૯૪૩૮૬ | ૧૪૦.૨૮ |
| ૩૩ | વલસાડ | ૪૫૭૫૩ | ૬૭.૩૪ |
| **કુલ** | | **૧૪૯૭૧૪૦** | **૨૨૪૨.૪૨** |

## અગ્રતા ક્રમ – ૧૮ પૂરક માહિતી

### નર્મદા જિલ્લામાં તાલુકાવાર મંજૂર, નામંજૂર અને પડતર અરજીની વિગત

| જિલ્લાનું નામ :– નર્મદા | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | નામંજૂર અરજીઓના કારણો | | | |
| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | પડતર અરજીઓ | આવક મર્યાદા વધુ હોવાથી | અધુરા પુરાવાના કારણે | ડુપ્લિકેટ અરજી હોવાથી | કુલ નામંજૂર અરજીઓ |
| ૧ | નાંદોદ | ૩૭૬ | ૩૭૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | તિલકવાડા | ૧૬૦ | ૧૬૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ગરૂડેશ્વર | ૧૪૦ | ૧૪૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | ડેડિયાપાડા | ૩૨૭ | ૩૨૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | સાગબારા | ૯૨ | ૯૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | | **૧૦૯૫** | **૧૦૯૫** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** |

| અગ્રતા ક્રમ – ૧૮ પૂરક માહિતી |
| --- |
| **ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનામાં થયેલ સુધારા** |

**૨૦૧૬–૧૭**

- વિધવા મહિલાઓને ૭૫૦ ની સહાય સાથે બે બાળકોની મર્યાદામાં બાળકદિઠ રૂ. ૧૦૦/– ની સહાય દર માસે આપવાનું નક્કી કર્યું.
- વિધવા આર્થિક સહાય યોજના અંતર્ગત વધુમાં વધુ રૂ. ૯૫૦/– ની મર્યાદામાં મળતી વિધવા સહાયમાં ફેરફાર કરી તા. ૧/૧૧/૨૦૧૬ થી વિધવા લાભાર્થી બધી મહિલાને એક સરખા દરે રૂ. ૧૦૦૦/– આપવાનું નક્કી કરવમાં આવેલ.
- ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨૭,૦૦૦/– ના બદલે રૂ. ૪૭,૦૦૦/– અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬,૦૦૦/– ની જગ્યાએ રૂ. ૬૮,૦૦૦/– આપવાનું નક્કી નક્કી કર્યુ.

**૨૦૧૭–૧૮**

- વર્ષ ૨૦૧૭–૧૮ માં વિધવા તાલીમ હેઠળ ૬૨૫૦ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી
- વિધવા તાલીમ યોજનામાં સુધારા વધારા કરી નવી પોલીસી બનાવી.

**૨૦૧૮–૧૯**

- ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ. ૪૭,૦૦૦/– ના બદલે રૂ. ૧,૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તારમાં રૂ. ૬૮,૦૦૦/– ની જગ્યાએ રૂ. ૧,૫૦,૦૦૦/– આપવાનું નક્કી નક્કી કર્યુ.
- વિધવા તાલીમ યોજના માટે તાલીમની વય મર્યાદા ૧૮ થી ૫૦ વર્ષ કરવામાં આવી.
- વિધવા તાલીમ યોજનામાં આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૧,૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/– આપવાનું નક્કી કર્યુ.
- રાજ્ય સરકાર દ્વારા DBT યોજના હેઠળ લાભાર્થીના પેન્શનની સહાય તેમના એકાઉન્ટ માં સીધે જમા કરવાનું નક્કી થયેલ.
- સપ્ટેમ્બર ૧૮ થી DBT ની કામગીરી શરૂ કરવામાં આવી. જેમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે ગાંધીનગર, રાજકોટ, રાજકોટ, જામનગર, દેવભુમિદ્વારકા અને બોટાદ જિલ્લાઓમાં પુર્ણ કરવામાં આવી.
- માર્ચ ૨૦૧૯ થી DBT ની કામગીરી સમગ્ર રાજ્યમાં શરૂ કરવામાં આવી.

**૨૦૧૯–૨૦**

- વિધવા સહાય મેળવવાના ધોરણોમાં આવક મર્યાદામાં વધારો કરી ગ્રામ્ય વિસ્તારમાં ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં ૧.૫૦ લાખ કરી
- ૨૧ વર્ષનો પુત્ર થતાં સહાય બંધ થતી હતી તે નિયમ રદ કરી આજીવન સહાય સહાય આપવા નક્કી કર્યુ.
- લાભાર્થીઓને માસિક રૂ. ૧૦૦૦/– લેખે સહાય આપવામાં આવતી હતી તેમાં રૂ. ૨૫૦/– વધારો કરી માસિક રૂ. ૧૨૫૦/– આપવાનું નક્કી કર્યું.
- વિધવા લાભાર્થીઓને પુન:સ્થાપન માટેની આર્થિક સહાય યોજના હેઠળ લાભાર્થીઓને કે.વી.કે.મારફત તાલીમ આપવાનું નક્કી કરવામાં આવેલ.
- વિધવા તાલીમ યોજનામાં લાભાર્થીની વય મર્યાદા ૧૮ થી ૫૦ વર્ષ કરવામાં આવી.
- એપ્રિલ ૨૦૧૯ માં કુલ વિધવા લાભાર્થોઓની સંખ્યા ૧.૬૦ લાભ થી વધીને માર્ચ ૨૦૨૦ માં ૩.૭૦ લાખ થયેલ.
- માર્ચ–૨૦૧૯ માં માન.મુખ્ય મંત્રીશ્રી દ્વારા રાજ્યના ૩૩ જિલ્લાઓની કુલ ૩.૭૦ લાખ વિધવા લાભાર્થીને માસિક પેન્શન કુલ ૫૩ કરોડ રૂપિયા તેઓના સીધી પોસ્ટ ખાતામાં માત્ર એક જ કલીક  જમા કરવામાં આવેલ.
- મહિલા અને બાળ વિકાસ ( મહિલાવીંગ) ખાતેથી માન.અધિક કમિશ્નરશ્રી દ્વારા માર્ચ ૨૦૧૯ થી યોજનાના સફળ અમલીકરણ માટે જિલ્લાઓ સાથે દર સપ્તાએ વિડિયો કોન્ફરન્સ દ્વારા વિધવા સહાય યોજનાનો રીવ્યુ કરવામાં આવે છે.

**૨૦૨૦–૨૧**

- ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓને સહાય પોસ્ટ ઓફીસ WFA ખાતા અથવા કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેન્કના લાભાર્થીના નામે ખોલાવેલ વ્યક્તિગત બચત ખાતા મારફત ચૂકવવાની મંજુરી આપવામાં આવે છે.
- ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના માટેના અરજી પત્રકો કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી જિલ્લા કલેકટરશ્રીની કચેરીઓ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીઓ /પ્રાંત અધિકારીશ્રીની કચેરીઓ તાલુકા મામલતદારશ્રીની કચેરીઓની સાથે સાથે e-gram કેન્દ્ર પરથી પણ વિના મૂલ્યે ઉપલબ્ધ કરવવા ઠરાવેલ.

- ભરાયેલ અરજી પત્રક જે તે જિલ્લાના સબંધિત તાલુકા મામલતદાર કચેરીમાં અથવા નજીકના e-gram સેન્ટર પર જમા કરાવી શકાશે ઉપરાંત https://www.digitalgujarat.gov.in/ પરથી ઓનલાઈન અરજી પણ કરી શકાશે.

- ગ્રામ્ય કક્ષાએથી ઈ–ગ્રામ સેન્ટર પર મળતી અરજીઓ નવેમ્બર–૨૦૨૦થી ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવાની કામગીરી ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (VCE) દ્વારા કરવાનું ઠરાવેલ.

**૨૦૨૧–૨૨**

- વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન કુલ ૩.૪૫ લાખ લાભાર્થીના વધારા સાથે કુલ લાભાર્થીની સંખ્યા ૧૧.૬૧ લાખ થઈ

**૨૦૨૨–૨૩**

- વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન જાન્યુઆરી–૨૦૨૩ અંતિત કુલ ૨.૦૧ લાખ લાભાર્થીના વધારા સાથે કુલ લાભાર્થીની સંખ્યા ૧૩.૬૨ લાખ થઈ

**૨૦૨૩–૨૪**

- વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન જાન્યુઆરી–૨૦૨૩ અંતિત કુલ ૧.૩૫ લાખ લાભાર્થીના વધારા સાથે કુલ લાભાર્થીની સંખ્યા ૧૪.૯૭ લાખ થઈ